**હોલિ નેમ મેડિકલ સેન્ટર**

**આર્થિક સહાયતા નીતિ**

**અમલી તારીખ: 04/30/2023**

## નીતિ નિવેદન

વીમા આરક્ષણ વિનાના, અપૂરતું વીમા આરક્ષણ ધરાવતા, સરકારી કાર્યક્રમ માટે ગેરલાયક અથવા અન્યથા ચૂકવણી કરી શકે તેમ ન હોય તેવા તબીબી સંભાળની જરૂરિયાતવાળા લોકોને ઈમર્જન્સી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ પૂરી પાડવા માટે હોલિ નેમ મેડિકલ સેન્ટર (HNMC) પ્રતિબદ્ધ છે. HNMCનું મિશન આપણા સમાજને અટકાવ, શિક્ષણ અને સારવાર દ્વારા સ્વાસ્થ્યનું મહત્તમ પ્રાપ્ત કરી શકાય તેવું સ્તર મેળવવામાં મદદ કરવાનું છે. અમે દેખરેખકર્તાઓનો એક સમુદાય છીએ જેઓ કૅથલિક સંપ્રદાયના સિદ્ધાંતોને અપનાવીને ઉપચાર સંબંધિત સેવાઓ આપીને વ્યવસાયિક શ્રેષ્ઠતા અને અંત:કરણપૂર્વકની ફરજો નિભાવવા માટે પ્રતિબદ્ધ છે.

## નિયામક જરૂરિયાતોનું પાલન

HNMC પોતાની આર્થિક સહાયતા નીતિ (“FAP”) અનુસાર કરવામાં આવતી પ્રવૃત્તિઓને લાગુ પડતાં બધાં ફેડરલ, રાજ્ય અને સ્થાનિક કાયદાઓ, નીતિ-નિયમોનું પાલન કરે છે.

## નીતિનું વર્ણન

જેઓ વીમા આરક્ષિત ન હોય અથવા પોતે અપૂરતો વીમો ધરાવતો હોવાનું જેમને લાગતું હોય તેવા દર્દીઓ HNMCની FAP હેઠળ આર્થિક સહાયતા માટે વિનંતી કરી શકે છે.

## યોગ્યતાની જરૂરિયાતો

પ્રવેશ પ્રક્રિયા વખતે સરળ ભાષામાં સારાંશ (“PLS”)માં HNMCની આર્થિક સહાયતા નીતિ (FAP) વિશે બધા દર્દીઓને માહિતી પૂરી પાડવામાં આવશે. આર્થિક સહાયતાની વિનંતી કરનાર કોઇપણ દર્દીને હોલિ નેમ મેડિકલ સેન્ટરના આર્થિક સલાહકાર દ્વારા તપાસવામાં આવશે. દરેક કાર્યક્રમની યોગ્યતાની જરૂરિયાતો અનુસાર આર્થિક જરૂરિયાત કેટલી છે તે નક્કી કરવામાં આવશે. આર્થિક સહાયતા માટે અરજી કરવાની પદ્ધતિઓ અને ઉપલબ્ધ કાર્યક્રમોની વિગતો નીચે પૂરી પાડવામાં આવી છે.

## આર્થિક સહાયતા માટે અરજી કરવાની પદ્ધતિઓ

NJના રહીશો કે જેઓ પોતે ચૅરિટિ કેઅર માટે લાયક હોવાનું માનતા હોય અથવા જેમને ચૅરિટિ કેઅર માટે પહેલેથી તપાસવામાં આવ્યા છે તેઓ ઑનલાઈન આ લિંક પર અરજી કરી શકે છે: **www.holyname.org/Financial/files/CharityCareApplication.pdf**. જેઓ ચૅરિટિ કેઅર માટે લાયક ઠરતા ન હોય અને જેમની આવક ફેડરલ ગરીબી માર્ગદર્શિકાના 500% પર અથવા તેનાથી ઓછી હોય તેવા લોકો ઑનલાઈન આ લિંક પર આર્થિક સહાયતા અરજીપત્રક પૂરું કરીને HNMCના અન્ય આર્થિક સહાયતા કાર્યક્રમો માટે અરજી કરી શકે છે: **www.holyname.org/Financial/files/FAP-Form.pdf**. બધા અરજીપત્રકો રૂબરૂમાં મુખ્ય માળ પર આવેલા પેશન્ટ ઍક્સેસ ડિપાર્ટમેન્ટમાં આવેલા HNMCના આર્થિક સલાહ કાર્યાલયમાંથી પણ મેળવી શકાય છે. HNMCનું આર્થિક કાર્યાલય સોમવારથી શુક્રવાર સવારે 8:30થી બપોરે 2:30 સુધી ખુલ્લું રહે છે. 201-833-3157ને કૉલ કરીને મુલાકાતનું આયોજન કરી શકાય છે.

જેમને ઈમર્જન્સી અથવા તબીબી રીતે અનિવાર્ય સંભાળની જરૂર હોય તેવા દર્દીઓ આર્થિક સહાયતા અથવા ચૅરિટિ કેઅરની વિનંતી કરી શકે છે. તબીબી રીતે જરૂરી સેવાઓ આપતા પહેલાં આર્થિક જરૂરિયાત છે કે કેમ તે નક્કી કરવાનું કામ થવું જોઈએ, જેમાં ઈમર્જન્સી સંભાળની સેવાઓ અપવાદરૂપ છે જે ઈમર્જન્સી મેડિકલ ટ્રીટમેન્ટ ઍન્ડ ઍક્ટિવ લેબર ટ્રૅન્સપૉર્ટ ઍક્ટ ઑફ 1986 (EMTALA) નીતિનિયમો મુજબ દર્દીની સંભાળમાં વિના વિલંબે આપવામાં આવશે. સેવાના દરેક પછીના તબક્કે અને ચૅરિટિ અથવા આર્થિક સહાયતા માટે દર્દીની યોગ્યતા સાથે સંબંધિત વધારાની માહિતી કોઇપણ સમયે ઉપલબ્ધ બને તેવા કોઇપણ સમયે ચૂકવણીમાં સહાયતાની જરૂરિયાતનું ફરીથી મૂલ્યાંકન કરવામાં આવી શકે છે, પરંતુ તે વાર્ષિક કરતા ઓછા સમયે નહીં હોય.

NJના રહીશો માટે, રાજ્ય દ્વારા ચલાવવામાં આવતા કાર્યક્રમો જેમ કે ચૅરિટિ કેઅર માટે રહેઠાણનો પુરાવો જરૂરી છે. જેમણે HNMCના FAP હેઠળ આર્થિક સહાયતાની વિનંતી કરી હોયત એવા NJના રહીશો અને બિનરહીશો એ બંને માટે નીચેની માહિતી જરૂરી બનશે, પરંતુ તે તેના પૂરતી મર્યાદિત નહીં હોય:

- કુટુંબીજનોની સંખ્યાની ખરાઈ (પતિ કે પત્ની અને લાગુ પડતું હોય તેવા આશ્રિતો)
- NJના રહેઠાણનો પુરાવો (NJ રાજ્યના કાર્યક્રમો માટે)
- ઈમિગ્રેશનની સ્થિતિ અથવા અમેરિકન નાગરિકત્વનો પુરાવો
- દર્દી અને અન્ય તમામ નજીકના (પતિ કે પત્ની અને સગીર બાળકો) કુટુંબીજનો માટે માન્ય ઓળખ
- ક્રેડિટ રિપોર્ટ
- નીચેના સહિતની સંપત્તિના પુરાવા:

    બૅન્ક સ્ટેટમેન્ટ્સ/ રોકાણના સ્ટેટમેન્ટ્સ

    જેના વિશે સમજ ન આપી હોય તેવી બૅન્ક ડિપોઝિટોની સમજૂતી

    જીવન વીમો

    401K સ્ટેટમેન્ટ્સ

    પ્રાથમિક રહેઠાણ સિવાય રિયલ એસ્ટેટમાં ઈક્વિટી

- નીચેના દસ્તાવેજોના આધારે અગાઉના 12 મહિનાના સમયગાળા માટે આવકની વાર્ષિક મર્યાદાઓની ગણતરી:
    - ❖ W-2 પત્રકો
    - ❖ છેલ્લાં ચાર (4) વેતન સમયગાળાઓ માટે પેચૅક્સ
    - ❖ અગાઉના વર્ષના ફેડરલ NJ આવક વેરા રિટર્ન
    - ❖ સોશલ સિક્યૂરિટિની ચૂકવણીઓ
    - ❖ અપંગતા સાથે સંબંધિત ચૂકવણીઓ
    - ❖ બેરોજગારી સાથે સંબંધિત ચૂકવણીઓ
    - ❖ પેન્શન સ્ટેટમેન્ટ્સ
    - ❖ સામાન્ય સહાયતા લાભ પત્ર

- ભાડાની આવક
- બાળ સહાયતા
- નાણાકીય સહાયતા
- નોકરીદાતા તરફથી આવકની લેખિત ખરાઈ
- SSI લાભનું સ્ટેટમેન્ટ અથવા લાભ નિર્ધારણ પત્ર
- સ્વ-રોજગારીનું સ્ટેટમેન્ટ
- અધિકૃત ટૅક્સ પ્રિપેરર દ્વારા તૈયાર કરાયેલ લાભ અને હાનિનું સ્ટેટમેન્ટ
- બિઝનેસ ટૅક્સ સ્ટેટમેન્ટ
- ન જણાવેલી આવક
- સહાયતા પત્ર (એટલે કે માતા, પિતા, મિત્ર, કુટુંબીજન, વગેરે)

જો દર્દી/જામીન આર્થિક સહાયતા માટે લાયક હોવાનું નક્કી થાય તો, હૉસ્પિટલ શક્ય તેટલી જલ્દી પરંતુ મોડામાં મોડું પ્રારંભિક અરજી સુપ્રત કર્યાના દિવસથી 10 કામકાજના દિવસો સુધીમાં અરજદારને લેખિતમાં જાણ કરશે.

જો દર્દી/જામીન FAP હેઠળ આર્થિક સહાયતા માટે લાયક ન હોય તો દર્દી/જામીનને શક્ય તેટલી જલ્દી પરંતુ મોડામાં મોડું અરજદાર લાયક સાબિત ન થાય અથવા ખોટી અરજી સુપ્રત કરી હોય તે દિવસથી 10 કામકાજના દિવસો સુધીમાં જાણ કરવામાં આવશે. સૂચનામાં નકારના કારણ(ણો)ની ટૂંકી સમજૂતી અને/અથવા બાકી રહેતા દસ્તાવેજો માટેની વિનંતીનો સમાવેશ થશે.

**HNMCના આર્થિક સહાયતા કાર્યક્રમો અને નીતિઓ**

## I. ન્યુ જર્સી ચૅરિટિ કેઅર

NJ ચૅરિટિ કેઅર એ મફત અથવા ઓછા દરની સંભાળ સેવા છે જે એવા દર્દીઓને પૂરી પાડવામાં આવે છે જેઓ ન્યૂ જર્સીના સમગ્ર રાજ્યની ઍક્યૂટ કેઅર હૉસ્પિટલો ખાતે ઈનપેશન્ટ અને આઉટપેશન્ટ સેવાઓ મેળવતા હોય. ચૅરિટિ કેઅર માત્ર ઈમર્જન્સી અથવા તબીબી રીતે જરૂરી હૉસ્પિટલ સંભાળ માટે જ ઉપલબ્ધ છે. ફિઝિશનની ફી, ઍનેસ્થેસિયોલૉજિની ફી, રેડિયોલૉજિનું અર્થઘટન અને બહારના દર્દીઓ માટેના નુસખા જેવી કેટલીક સેવાઓ હૉસ્પિટલના દરોથી અલગ છે અને તે માફી માટે લાયક ન હોય તેમ બની શકે છે.

ચૅરિટિ કેઅરની માર્ગદર્શિકા પ્રમાણે, ચૂકવણીની સહાયતા ન્યૂ જર્સીના એવા રહીશ દર્દીઓને ઉપલબ્ધ છે જેમની કુલ ઘરેલુ આવક ફેડરલ ગરીબી માર્ગદર્શિકાઓના 300% પર હોય અથવા તેથી ઓછી હોય અને જેઓ:

- કોઇ સ્વાસ્થ્ય કવરેજ ધરાવતા ન હોય અથવા એવું કવરેજ હોય જેમાં બિલના અમુક હિસ્સાની જ ચૂકવણી કરવામાં આવે; અને
- કોઇપણ ખાનગી અથવા સરકારી પ્રાયોજિત કવરેજ (જેમ કે મેડિકેઈડ) માટે લાયક ન હોય; અને
- નીચે પ્રમાણે આવક અને સંપત્તિની યોગ્યતાના માપદંડો પૂરા કરતા હોય:

| HHS ગરીબી આવક માર્ગદર્શિકાઓની ટકાવારી તરીકે આવક | ચાર્જની કેટલાં ટકા દર્દીઓ ચૂકવ્યાં |
|---|---|
| 200%થી ઓછાં અથવા તેના બરાબર | 0% |
| 200%થી વધારે પરંતુ 225%થી ઓછાં અથવા તેના બરાબર | 20% |
| 225%થી વધારે પરંતુ 250%થી ઓછાં અથવા તેના બરાબર | 40% |
| 250%થી વધારે પરંતુ 275%થી ઓછાં અથવા તેના બરાબર | 60% |
| 275%થી વધારે પરંતુ 300%થી ઓછાં અથવા તેના બરાબર | 80% |
| 300%થી વધારે | 100% |

વ્યક્તિગત સંપત્તિઓ $7,500થી વધી ન શકે અને કુટુંબની સંપત્તિઓ $15,000થી વધી ન શકે. જો અરજદારની સંપત્તિઓ આ મર્યાદાઓથી વધી જાય તો, તેઓ હૉસ્પિટલના બિલ અને અન્ય માન્ય ખિસ્સા બહારના ખર્ચ માટે વધારાની રકમની ચૂકવણી દ્વારા માન્ય સીમાઓ સુધી સંપત્તિઓને "ખર્ચી" શકે છે.

કાર્યક્રમ હેઠળ યોગ્યતા નક્કી કરવા માટે ચૅરિટિ કેઅર અરજી ઉપરાંત નીચેની માહિતીની જરૂર પડશે. આ દસ્તાવેજોમાં નીચેનાનો સમાવેશ થાય છે, પરંતુ તે માત્ર તેના પૂરતા મર્યાદિત નથી:

- દર્દી માટે અને અન્ય તમામ નજીકના (જીવનસાથી અને સગીર બાળકો અને/અથવા લાગુ પડતું હોય તે) આશ્રિતો માટે માન્ય ઓળખ.
- NJ રહેઠાણનો પુરાવો.
- નીચેના સહિતની બધી કમાયેલી અને ન કમાયેલી આવકનો પુરાવો: રોજગાર, સ્વરોજગાર, પેન્શન, અપંગતા, ભાડાની આવક, બાળ સહાયતા, ખાધાખોરાકી, અને નાણાકીય સહાય.
- નીચેના સહિતની બધી સંપત્તિઓના (વ્યક્તિગત, સંયુક્ત, નજીકના કુટુંબીજનો) પુરાવા: બૅન્ક ખાતાના સ્ટેટમેન્ટ્સ, રોકાણના સ્ટેટમેન્ટ્સ, 401k અને અન્ય નિવૃત્તિના ખાતાં, પ્રાથમિક રહેઠાણ સિવાયના રિઅલ એસ્ટેટમાં રોકડ મૂલ્ય અને ઈક્વિટી સાથે જીવન વીમો.

મુલાકાતનું આયોજન કરવા માટે દર્દીઓ આ લિંક www.holyname.org/financial/files/CharityCareApplication.pdf પર ઑનલાઈન અથવા 201-833-3157 પર આર્થિક સલાહ કાર્યાલયને કૉલ કરીને ચૅરિટિ કેઅર માટે અરજી કરી શકે છે અને/અથવા અરજી મેળવી શકે છે. ઑફિસના કલાકો સોમવારથી શુક્રવાર સવારે 8:30થી બપોરે 2:30 સુધી છે.

સંપૂર્ણ અરજી મળ્યા બાદ ચૅરિટી કેઅર માટેની વિનંતીઓ પર તાકીદે પ્રક્રિયા કરવામાં આવશે. જ્યારે શક્ય હોય ત્યારે અરજદારને નિર્ણય અંગે તે જ દિવસે જાણ કરવામાં આવશે, પરંતુ પૂરી કરેલી પ્રારંભિક અરજી સુપ્રત કરવામાં આવે તે દિવસથી વધુમાં વધુ 10 દિવસોનો સમય લેવામાં આવશે.

ચૅરિટિ કેઅરની વિનંતી કરે અને નકારવામાં આવે તેવા દરેક અરજદારને હૉસ્પિટલ નકારના કારણ(ણો) માટેનું લેખિત અને તારીખ સાથેનું સ્ટેટમેન્ટ આખું અથવા ભાગમાં પૂરું પાડશે. દર્દી/જામીનને શક્ય તેટલી જલ્દી પરંતુ અરજદાર લાયક જણાયા ન હોય અથવા ખોટી અરજી સુપ્રત કરી હોય તે દિવસથી મોડામાં મોડા 10 કામકાજના દિવસો સુધીમાં લેખિતમાં જાણ કરવામાં આવશે. આ નોટિસ જણાવશે કે જો અરજદાર માનતા હોય કે તેમના આર્થિક સંજોગો બદલાયા છે કે જેના કારણે તેઓ ભાવિ સેવાઓ માટે ચૅરિટિ કેઅર માટે લાયક સાબિત થાય છે તો અરજદાર ફરીથી અરજી કરી શકે છે. જ્યારે નકાર એવી આવક પર આધારિત હોય જે ફેડરલ ગરીબી માર્ગદર્શિકાના 300%થી વધારે હોય અને 500% બરાબર અથવા તેનાથી ઓછી હોય તો અરજદાર HNMCના FAP હેઠળ અન્ય આર્થિક સહાયતા કાર્યક્રમો માટે લાયક સાબિત થશે.

ચૅરિટિ કેઅરની અધૂરી અરજીઓ માટે, HNMC દર્દીને લેખિતમાં અથવા શક્ય તેટલી જલ્દી પરંતુ અરજદાર પ્રારંભિક અરજી સુપ્રત કરે તે દિવસથી વધુમાં વધુ 10 કામકાજના દિવસો સુધીમાં જાણ કરશે કે સંપૂર્ણ ભરેલી ચૅરિટી કેઅરની અરજી સુપ્રત કરવા માટે તેમની પાસે સેવાની તારીખથી (1) એક વર્ષનો સમય છે.

## II. ન્યૂ જર્સી વીમા આરક્ષણ રહિત રાહત દરની સંભાળનો દર

ન્યૂ જર્સી રાજ્યના વીમા આરક્ષણ રહિત રહીશ દર્દીઓ કે જેઓ ચૅરિટી કેઅર માટે લાયક સાબિત થયા નથી અને જેમની આવક ફેડરલ ગરીબી માર્ગદર્શિકાઓના 500%થી ઓછી અથવા તેના બરાબર હોય તેઓ NJ રાજ્યના ધારા P.L. 2008, પ્રકરણ 60, કે જેને ઑગસ્ટ 8, 2008ના રોજ માન્ય કરવામાં આવ્યો હતો, ઍસેમ્બલી, ક્રમાંક 2609 કે જે ન્યૂ જર્સી રાજ્યની સેનેટ અને જનરલ ઍસેમ્બલી દ્વારા ઘડવામાં આવ્યો છે તે મુજબ મેડિકેઅર દરોના આધારે ડિસ્કાઉન્ટ માટે લાયક હશે. જેઓ વીમા આરક્ષણ રહિત ડિસ્કાઉન્ટ માટે લાયક સાબિત થતા હોય તેવા દર્દીઓ પાસેથી મેડિકેઅરના દર અથવા સામાન્ય બિલની રકમ (AGB)ના 115% જેટલી ઓછી રકમ લેવામાં આવશે; બેમાંથી જે ઓછી હોય તે.

આ કાર્યક્રમ દ્વારા આર્થિક સહાયતાની જરૂરિયાત અને/અથવા મંજૂરીના નિર્ણય માટે ***આર્થિક સહાયતા અરજી પત્રકને*** પૂરું કરવાની જરૂર પડશે: **www.holyname.org/Financial/files/FAP-Form.pdf**. અરજીને કારણે પાન 1 પર "આર્થિક સહાયતા માટે અરજી કરવાની પદ્ધતિઓ" હેઠળ આપેલી રૂપરેખા પ્રમાણે પ્રસ્તુત આર્થિક માહિતી એકત્ર થઈ શકશે.

## III. ચાર્જ/AGB% રાહત સાથે સંભાળ દરની મર્યાદા

Internal Revenue Code 501 (r)(5) પ્રમાણે ઈમર્જન્સી અથવા HNMCના FAP હેઠળ FAP માટે લાયક વ્યક્તિ માટે અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ એ આવી સંભાળને આવરી લેતો વીમો ધરાવતી વ્યક્તિઓ માટે બિલની સામાન્ય રકમ (AGB) સુધી મર્યાદિત હશે પરંતુ તેનાથી વધારે રકમનું બિલ આપવામાં આવશે નહીં.

આ કાર્યક્રમ દ્વારા આર્થિક સહાયતાની જરૂરિયાત અને/અથવા મંજૂરીના નિર્ણય માટે ***આર્થિક સહાયતા અરજી પત્રકને*** પૂરું કરવાની જરૂર પડશે: **www.holyname.org/Financial/files/FAP-Form.pdf.** અરજીને કારણે પાન 1 પર "આર્થિક સહાયતા માટે અરજી કરવાની પદ્ધતિઓ" હેઠળ આપેલી રૂપરેખા પ્રમાણે પ્રસ્તુત આર્થિક માહિતી એકત્ર થઈ શકશે.

અધૂરી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં. આ અરજીઓ માટે, HNMC દર્દીને લેખિતમાં FAP અંગે યોગ્યતા વિષયક નિર્ણય લેવા માટે જરૂરી વધારાની માહિતી અને/અથવા દસ્તાવેજોના વર્ણન સાથે જાણ કરશે. આ સમયે HNMC સંભાળ માટે કોઇપણ અસાધારણ

વસૂલીની પ્રવૃત્તિઓ (ECA's) મુલત્વી રાખશે. 501 (r) હેતુઓ માટે વ્યક્તિ પાસે આર્થિક સહાયતા માટે અરજી કરવા માટે પ્રથમ વખત હૉસ્પિટલમાંથી રજા અપાયા બાદ બિલિંગ સ્ટેટમેન્ટથી 240 દિવસોનો સમય હોય છે.

હૉસ્પિટલના નિયમો હેઠળ, HNMCએ (AGB) નક્કી કરવા માટે "લૂક બૅક મૅથડ" તરીકે ઓળખાતી પદ્ધતિ પૂરી પાડવાનું પસંદ કર્યું છે જેનું મૂલ્યાંકન દર વર્ષે થાય છે. લૂક બૅક મૅથડ હેઠળ: ઈમર્જન્સી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ માટે FAP માટે યોગ્ય દર્દીઓને બિલની જે સામાન્ય રકમ ચૂકવવાનું કહેવામાં આવે છે તે એક કે વધુ AGB ટકાવારી દ્વારા તે સંભાળ માટેના સુવિધાના કુલ દરોનો ગુણાકાર કરીને નક્કી કરવામાં આવે છે. HNMC તેની AGBની ટકાવારી ઓછામાં ઓછા વાર્ષિક આધાર પર ગણે છે જેમાં મેડિકેઅર ફી-ફૉર-સર્વિસ અને ખાનગી સ્વાસ્થ્ય વીમા કંપનીઓ તરફથી પૂરા ચૂકવવામાં આવેલા ક્લેઈમના ગત 12 મહિનાના સમયગાળાનો ઉપયોગ કરવામાં આવે છે અને અગાઉના 12 મહિનાના સમયગાળા દરમિયાન તે ક્લેઈમના પરસ્પર સંબંધિત કુલ દરોના સરવાળાને ભાગવામાં આવે છે.

HNMCએ AGB ટકાવારી ગણવા માટે જેનો ઉપયોગ કર્યો હોય તેવા 12 મહિનાના સમયગાળાના અંત બાદ 120મા દિવસ સુધીમાં HNMCએ તેની AGB ટકાવારી લાગુ કરવાની શરૂઆત કરવી જોઈએ.

બધી ગણતરીઓ HNMC દ્વારા આપવામાં આવતી બધી ઈમર્જન્સી અને અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ આવરી લે છે. HNMC નીચેની AGB%નો ઉપયોગ કરશે અને આ સેવા રેખાઓ માટે કુલ દરોને લાગુ કરે છે:

| **સેવા રેખા** | **બિલની સામાન્ય રકમની ટકાવારી (AGB %)** |
|---|---|
| ઈમર્જન્સી રૂમ | 40% |
| બહારના દર્દી માટેની સેવાઓ | 38% |
| દાખલ થવાના દિવસે જ શસ્ત્રક્રિયાની સેવાઓ | 51% |
| ઈનપેશન્ટ સેવાઓ | 31% |
| ઘર આરોગ્ય સંભાળ | 78% |
| હોસ્પિટલ કેર | 77% |

***સંભાળ માટે કુલ દરો x AGB% = બિલની સામાન્ય રકમ (AGB) કે જે મહત્તમ રકમનું બિલ દર્દીને આપી શકાશે***

## સહાનુભૂતિપૂર્ણ સંભાળમાં ડિસ્કાઉન્ટની નીતિ

જેઓ HNMCની FAP હેઠળ કોઇપણ સ્વાસ્થ્યસંભાળ સંબંધિત સરકારી પ્રાયોજિત કવરેજ અથવા કાર્યક્રમો માટે લાયક સાબિત ન થતા હોય અને જેઓ પ્રાથમિક વીમા કવરેજ ધરાવતા ન હોય તેવા દર્દીઓ અમારી સહાનુભૂતિપૂર્ણ સંભાળની ડિસ્કાઉન્ટ નીતિ માટે લાયક હશે. આ ડિસ્કાઉન્ટ બિલિંગના સમયે લાગુ કરવામાં આવે છે. સહાનુભૂતિપૂર્ણ સંભાળમાં ડિસ્કાઉન્ટ માત્ર વીમા આરક્ષણ રહિત દર્દીઓ માટે જ હોય છે અને તે આવક અથવા સંપત્તિના માપદંડો પર આધારિત હોતું નથી અને કોઇ અરજી કરવાની જરૂર હોતી નથી. તે જાતે ચૂકવણી કરતા એવા બધા દર્દીઓ માટે છે જેઓ કોઇપણ હૉસ્પિટલ દ્વારા ચૂકવણીમાં સહાયતાના કાર્યક્રમો માટે લાયક સાબિત થતા ન હોય અથવા તેના માટે અરજી કરવાનું પસંદ કર્યું ન હોય. લાગુ કરવામાં આવતું ડિસ્કાઉન્ટ રેડિયોલૉજિ અથવા પ્રયોગશાળા સેવાઓ જેવા બહારના દર્દીના નિદાનાત્મક પરીક્ષણ માટે છે અને સંભાળના સ્તરો માટે ફ્લૅટ ફીનો દર લાગુ પડે છે જેમ કે ઈનપેશન્ટ (એટલે કે મેડિકલ, સર્જીકલ અથવા ICU) અથવા સમાન દિવસે શસ્ત્રક્રિયા.

સહાનુભૂતિપૂર્ણ સંભાળનું ડિસ્કાઉન્ટ વીમાની ચૂકવણીઓ બાદના બૅલેન્સ, કૉસ્મેટિક સર્જરી અને અન્ય ખાસ કાર્યક્રમોને લાગુ પડતું નથી. આ ડિસ્કાઉન્ટ બિલિંગના સમયે લાગુ કરવામાં આવશે.

**HNMCના આર્થિક સહાયતા કાર્યક્રમોમાંથી બાકાત બાબતો**

- એવી ક્રિયાવિધિઓ અથવા ચીજો જે તબીબી રીતે જરૂરી નથી અથવા તો તાકીદની નથી.
- સગવડની ચીજો જેમ કે ખાનગી રૂમ, ટૅલિફોન અને ટીવી સેવાઓ
- હૉસ્પિટલ દ્વારા ઓળખવામાં આવેલી વિશિષ્ટ સેવાઓમાં નીચે જણાવેલી સેવાઓનો સમાવેશ થાય છે પરંતુ તે માત્ર તેના પૂરતી જ મર્યાદિત નથી. સામાન્ય રીતે આ સેવાઓ તાકીદની અથવા તબીબી રીતે જરૂરી હોતી નથી. જોકે, અપવાદો હંમેશા હોય છે.

| | |
|---|---|
| કૉસ્મેટિક સર્જરી | ઈનકન્ટિનન્સ સર્જરી |
| બૅરિઆટ્રિક વિધિઓ (બૅન્ડિંગ, બાયપાસ, સ્લીવ અને રિવિઝન) | રોબોટિક વિધિઓ |
| | ઍક્સ્ટ્રાકૉર્પોરિઅલ શૉકવેવ લિથોટ્રિપ્સિ (ESWL) |
| કૉસ્મેટિક ડૅન્ટલ | સબેશસ સિસ્ટ બ્રેસ્ટ |
| બિનહાનિકારક ગાંઠો/જખમો દૂર કરવા | પેટની દીવાલ ફરીથી સીવવી/સિસ્ટ |
| નિ:સંતાનપણાની સારવારો | ઍલોગ્રાફ્ટ/ઑર્થોપેડિક કેસ |

***અપવાદો કોઇપણ સમયે ફેરફારને આધીન છે.***

**<u>કટોકટીની તબીબી સંભાળની નીતિ</u>**

અમારી FAP નીતિ હેઠળ કોઇપણ ભેદભાવ વિના અને વ્યક્તિની યોગ્યતા સાથે સંબંધ વિના કટોકટીની તબીબી સ્થિતિ માટે સંભાળ પૂરી પાડવામાં આવશે. ઈમર્જન્સી મેડિકલ ટ્રીટમેન્ટ ઍન્ડ લેબર ઍક્ટ (EMTALA)ના ભાગરૂપે સોશલ સિક્યૂરિટિ ઍક્ટની વિભાગ 1867 પ્રમાણે કટોકટીની તબીબી સ્થિતિની વ્યાખ્યા કરવામાં આવે છે. EMTALAના આધારે કટોકટીની તબીબી સ્થિતિ એ એવી તીવ્ર તબીબી સ્થિતિ છે જેમાં તાત્કાલિક તબીબી સારવાર આપવામાં ન આવે તો તે સંભવિતપણે નીચેનામાં પરિણમી શકે, પરંતુ તેના પૂરતી જ મર્યાદિત નથી:

- વ્યક્તિના સ્વાસ્થ્યને ગંભીર જોખમમાં મૂકે
- શરીરના કાર્યો ગંભીરપણે નબળાં પડવા
- શરીરના કોઇપણ અંગ કે ભાગ ગંભીરપણે નિષ્ક્રિય થાય

HNMC EMTALAના નીતિનિયમોનું પાલન કરે છે જે લાગુ પડતી હૉસ્પિટલ સુવિધાઓને એવી કાર્યવાહીઓમાં સામેલ થતી અટકાવે છે જેનાથી કટોકટીની તબીબી સ્થિતિ માટે તપાસ અને સારવારની જોગવાઈને વિલંબમાં નાંખી શકે જેમ કે ચૂકવણીની પદ્ધતિ અથવા વીમાની સ્થિતિ વિશે પૂછપરછ કરવી, અથવા એવી નોંધણી પ્રક્રિયાઓનો ઉપયોગ કરવો જેનાથી વ્યક્તિ વધુ મૂલ્યાંકન માટે રોકાવા

તૈયાર ન થાય, દાખલા તરીકે કટોકટીની તબીબી સ્થિતિઓ માટે તપાસ અથવા સ્થિરતા માટેની સારવાર પૂરી પાડતા પહેલાં અથવા તે દરમિયાન તાત્કાલિક ચૂકવણીની વિનંતી કરીને.

ઈમર્જન્સી ડિપાર્ટમેન્ટના કોઇ દર્દીઓને સારવાર મેળવતા પહેલાં ચૂકવણી કરવાનો આદેશ આપવામાં આવશે નહીં, અથવા ઈમર્જન્સી ડિપાર્ટમેન્ટમાં બાકી રકમ વસૂલ કરવાની કોઇ પ્રવૃત્તિઓની મંજૂરી આપવામાં આવશે નહીં.

## નીતિનો પ્રચાર અને પ્રાપ્યતા

HNMC દ્વારા સેવા મેળવતો સમાજ FAPથી પરિચિત છે તેની ખાતરી કરવા માટે માહિતીપ્રદ ચિહ્નો, પોસ્ટરો વગેરે અંગ્રેજી, સ્પૅનિશ અને કોરિઅન ભાષામાં મૂકવામાં આવશે જેથી દર્દીઓને આર્થિક સહાયતાની ઉપલબ્ધતા વિશે તથા સાર્વજનિક પહોંચના ક્ષેત્રોમાં કેવી રીતે અરજી કરવી તેની જાણ થાય; એટલે કે ER અને પેશન્ટ ઍક્સેસ. પ્રવેશ નોંધણી પ્રક્રિયા દરમિયાન HNMCની FAPનો PLS બધા દર્દીઓને પૂરી પાડવામાં આવશે.

HNMC તેની FAP, આર્થિક સહાયતા અરજી પત્રક અને તેની FAPના PLSનું અન્ય ભાષાઓમાં ભાષાંતર કરશે જ્યાં HNMC દ્વારા સેવા અપાતી હોય તે સમાજના રહીશોની માતૃભાષા 5% અથવા 1,000નું પ્રતિનિધિત્વ કરતી હોય; બેમાંથી જે ઓછું હોય; આ એવી વસ્તીના લોકોને લાગુ પડે છે જે HNMCથી પ્રભાવિત થયા હોય અથવા તેના સંપર્કમાં આવ્યા હોય. ભાષાંતર કરેલાં સંસ્કરણો વિનંતી કરવાથી ઉપલબ્ધ કરાવવામાં આવશે અને તે HNMCની વેબસાઈટ પર પણ પોસ્ટ કરવામાં આવશે. જ્યાં મોટા પ્રમાણમાં દર્દીઓ અંગ્રેજી વાંચવા અને લખવામાં નિપુણ ન હોય તેવા સંજોગોમાં અથવા જેમની માતૃભાષા HNMCએ પહેલેથી જેમાં ભાષાંતર કર્યું હોય તેવી ભાષાઓ સિવાયની હોય તો જરૂરી પત્રકો પૂરી કરવા માટે તેઓ મદદની વિનંતી કરી શકે છે.

સંપૂર્ણ FAP નીતિ, PLS અને આર્થિક સહાયતા અરજી પત્રક તેમજ ચૅરિટિ કેઅર અરજી નીચેની લિંક પર HNMCની વેબસાઈટ પર ઉપલબ્ધ છે: **www.holyname.org/Financial**. વિનંતી કરવાથી મફત નકલ ટપાલથી મળી શકે છે અથવા HNMCના આર્થિક સલાહ કાર્યાલય અને મુખ્ય માળ પર પેશન્ટ ઍક્સેસ ડિપાર્ટમેન્ટ પર હાર્ડ કૉપી મળી શકે છે.

## બિલિંગ અને વસૂલીની નીતિ

બિલિંગ અને વસૂલીની નીતિઓ અહીં મળી શકે છે:
**www.holyname.org/Financial/billing-collection-policy.aspx**

## ફિઝિશન સમૂહો

હોલિ નેમ મેડિકલ સેન્ટર એવા ફિઝિશન્સ ધરાવે છે જેઓ કટોકટીની અને અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ અને/અથવા સેવાઓ અમારા એવા દર્દીઓને પૂરી પાડે છે જેમને હૉસ્પિટલથી અલગ બિલ આપવામાં આવ્યું હોય અને જેઓ HNMCની FAP હેઠળ આવરી લેવામાં આવ્યા ન હોય. HNMCએ એવી સંસ્થાઓનો પણ સમાવેશ કર્યો છે જેઓ HNMCની FAPને અનુસરતી ન હોય. જ્યાં એવી ફિઝિશન સેવાઓ પૂરી પાડવામાં આવતી હોય જે HNMCની FAPને અનુસરતા ન હોય તેવા હૉસ્પિટલ વિભાગો અને સામેલ સંસ્થાઓની યાદી માટે કૃપા કરીને HNMCની વેબસાઈટ પર નમૂનો "A" જુઓ: **www.holyname.org/Financial/files/Exhibit-A.pdf**. કોઇપણ જરૂરી ફેરફારો માટે આ નમૂનાની સમીક્ષા ઓછામાં ઓછા દર ત્રણ મહિને કરવામાં આવશે.